MAAHI™
MAAHI MILK PRODUCER COMPANY

Maahi®

# માહી મિલ્ક પ્રોડયૂસર કંપની લિમિટેડ

[કંપની ધારા, ૧૯૫૬ ના ભાગ-IXA હેઠળ "પ્રોડ્યુસર કંપની" તરીકે નોંધાયેલ, હાલમાં કંપની ધારા, ૨૦૧૩ ના ચેપ્ટર XXIA હેઠળ સંચાલિત]

CIN: U01403GJ2012PTC070646

રજિસ્ટર્ડ ઓફિસ: એડમિન બ્લોક, એનિમલ ફીડ એન્ડ ન્યુટ્રીશન યુનિટ, રાજકોટ – જામનગર હાઈવે, ગામ: ખંઢેરી, તાલુકો: પડધરી, જિલ્લો – રાજકોટ - ૩૬૦૧૧૦, ગુજરાત

ફોન નં: ૦૨૮૧-૨૪૬૦૭૩૨, ઈમેલ: info@maahimilk.com, વેબસાઈટ: www.maahimilk.com

નં.: માહી/સીએસ/AGM/૨૦૨૬-૨૭/૧ તા:૧૭.૦૬.૨૦૨૬

## નોમિનેશન આવકારતી નોટિસ

આથી કંપનીની આગામી ૧૫મી વાર્ષિક સાધારણ સભા ખાતે માહી મિલ્ક પ્રોડયુસર કંપની લિમિટેડના બોર્ડ પર ડિરેક્ટર્સની (રોટેશનથી નિવૃતિ થતા) ખાલી થતી નીચે દર્શાવેલ જગ્યાઓ ભરવા માટે "નોમિનેટિંગ સમિતિ"દ્વારા વિચારણા માટે માહી મિલ્ક પ્રોડયુસર કંપની લિમિટેડ ("કંપની") ના યોગ્યતા પાત્ર સભ્યો પાસેથી નોમિનેશન(નો) આવકારતી નીચે મુજબ નોટિસ આપવામાં આવે છે.

| સભ્ય શ્રેણી | હોદ્દાઓની સંખ્યા |
|---|---|
| A – અ | ૧ |
| B – બ | ૧ |
| C – ક | ૨ |

યોગ્યતાપાત્ર સભ્યો, કે જેઓ અરજી કરવામાં રસ ધરાવે છે તેઓએ નોમિનેશન ફોર્મ યોગ્ય રીતે સહી કરી સંપૂર્ણ વિગતો ભરી નોમિનેશન પત્રક કંપનીના કંપની સેક્રેટરીને તારીખ:૨૯.૦૬.૨૦૨૬, સાંજે ૫:૦૦ કલાક સુધી કે તે પહેલા જરૂરી બિડાણો સાથે રજૂ કરવાનું રહેશે.

અરજી કરનાર સભ્યએ નીચે મુજબના માપદંડોની પૂર્તિ કરેલ હોવી જોઇશે.

૧. સભ્યશ્રીની શૈક્ષણિક લાયકાત પુરુષ ઉમેદવાર માટે ઓછામાં ઓછુ ધોરણ ૧૨ પાસ કે તેની સમકક્ષ અને સ્ત્રી ઉમેદવાર માટે ઓછામાં ઓછુ ધોરણ ૧૦ પાસ.
૨. સભ્ય છેલ્લા બે સંપૂર્ણ નાણાકીય વર્ષથી 'માહી મિલ્ક પ્રોડ્યુસર કંપની લિમિટેડ'નું સભ્યપદ ધરાવતા હોવા જોઇએ અને તેમણે સતત બે વર્ષ સુધી

MAAHI MILK PRODUCER COMPANY LIMITED RAJKOT માહી મિલ્ક પ્રોડ્યુસર કંપની

maahi™
MAAHI MILK PRODUCER COMPANY

Maahi

પોતાનો વર્તમાન વર્ગ (class) જાળવી રાખ્યો હોવો જોઇએ અથવા પાછલા નાણાકીય વર્ષની સરખામણીમાં વર્તમાન નાણાકીય વર્ષમાં પોતાનો વર્ગ અપગ્રેડ (સુધારો) કર્યો હોવો જોઇએ.

**ઉદાહરણ તરીકે :** જો કોઇ સભ્ય નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માં 'વર્ગ -સી' (class-C) અથવા 'વર્ગ-બી' (class-B) માં હતા અને તેમણે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં પોતાનો વર્ગ 'સી' માંથી 'બી' અથવા 'એ' માં , અથવા 'બી' માંથી એ માં અપગ્રેડ કર્યો હોય, તો તેઓ અરજી કરવા માટે પાત્ર ગણાશે, શરત એટલી કે તેમના વર્તમાન વર્ગમાં રહેલ ખાલી જગ્યા (Vacancy)માટે જ અરજી કરી શકશે.

૩. સભ્ય દ્વારા રજૂ કરવામાં આવેલ અરજી પોતાના વર્ગના જ ઓછામાં ઓછી ૧૦ એમ.પી.પી માંથી ૨૫ પાત્ર સભ્યો (જેઓ વાર્ષિક સાધારણ સભામાં મત આપવા માટે પાત્રતા ધરાવે છે.) દ્વારા પ્રસ્તાવિત કરેલ હોવી જોઇશે.

૪. તે/ તેણી ન્યાયાલય દ્વારા કોઈપણ ગુન્હામાં કસૂરવાર ઠરેલ ન હોવા જોઈએ કે જેમાં નૈતિક અધઃપતન સમાવિષ્ટ છે અને તેમાં છ માસથી ઓછી નહિ તેટલા સમય માટે કેદની સજા થયેલ હોય.

૫. તે/તેણી કોઈ રાજદ્વારી સભા જેવી કે લોકસભા, રાજ્યસભા, જીલ્લા પંચાયત, તાલુકા પંચાયત તેમજ ગ્રામ પંચાયતના સભ્ય ન હોવો જોઈએ.

૬. તે/તેણી કોઈ રાજકીય પક્ષની કોઈપણ કક્ષાએ- ગ્રામ, તાલુકા, જીલ્લા, રાજ્ય કે રાષ્ટ્ર કક્ષાએ ઓફીસમાં કોઇપણ પ્રકારનો હોદ્દો ધરાવતા ન હોવો જોઈએ.

૭. કંપનીના આર્ટિકલ્સ ઓફ એસોસિએશન (Articles of Association) અને કંપની ધારા, ૨૦૧૩ની જોગવાઇઓ મુજબ, તે વ્યકિત ડિરેકટર (નિયામક) બનવા માટે ગેરલાયક ઠરેલી ન હોવી જોઇએ.

નોમિનેશન પત્રક કંપનીની વેબસાઈટના મેમ્બર પોર્ટલ પરથી તારીખઃ ૧૮.૦૬.૨૦૨૬ થી તારીખઃ ૨૭.૦૬.૨૦૨૬ સુધી ડાઉનલોડ કરી શકાશે. (member.maahimilk.com) અથવા કંપનીની રજીસ્ટર્ડ ઓફિસમાંથી વ્યક્તિગત પણે એકત્ર કરી શકાશે. નામાંકન પાછું ખેંચવાની છેલ્લી તારીખઃ ૩૦.૦૬.૨૦૨૬ રહેશે. વધુ સ્પષ્ટતા માટે, કૃપયા કંપનીના કંપની સેક્રેટરીનો સંપર્ક કરવો.

માહી મિલ્ક પ્રોડ્યુસર કંપની લિમિટેડના
બોર્ડ ઓફ ડિરેક્ટર્સના હુકમ દ્વારા

સ્થળઃ રાજકોટ
તારીખ : ૧૭.૦૬.૨૦૨૬

ચીફ એકઝીક્યુટીવ

MAAHI MILK PRODUCER COMPANY LIMITED RAJKOT

**MAAHI MILK PRODUCER COMPANY LIMITED, CIN** (Corporate Identity Number) : U01403GJ2012PTC070646
**Regd. Office :** Admin Block, Animal Feed and Nutrition Unit, Rajkot- Jamnagar Highway, Village Khandheri, Taluka- Paddhari, District – Rajkot, Gujarat, India, 360110.
Tel. : 0281-2460732 • E-mail : info@maahimilk.com • Website : www.maahimilk.com
**માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડ, CIN** (Corporate Identity Number) : U01403GJ2012PTC070646
રજી. ઓફિસ : એડમીન બ્લોક, એનીમલ ફીડ અને ન્યુટ્રીશન યુનિટ, રાજકોટ–જામનગર હાઈવે, ગામ : ખંઢેરી, તાલુકો : પડધરી, જીલ્લો : રાજકોટ, ગુજરાત, ભારત, ૩૬૦૧૧૦.
ફોન : ૦૨૮૧–૨૪૬૦૭૩૨ • E-mail : info@maahimilk.com • Website : www.maahimilk.com